**ફોજદારી કેસ નં. 1567/2025**

**આંક – ૫**

૧ ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ રાહદારીઓ તેમજ વાહનોને અડચણરૂપ થાય તે રીતે ભયજનક વાહન ઊભું રાખી મળી આવેલ જે અંગે ફરીયાદીની ફરીયાદ ઉપરથી બી.એન.એસ એકટની કલમ ૨૮૫ મુજબનું ચાર્જશીટ રજૂ રાખેલ છે.

૨ આજ રોજ નામદાર અદાલતમાં આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો પૂરી પાડી આંક –૪ ગુન્હા કબૂલાત ની પુરશીશ રજૂ કરતાં તેઓની કબૂલાત સ્વેચ્છા પૂર્વકની હોવા બાબતે ખાતરી કરી આંક–૩ પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુન્હાની કબૂલાત કરેલ છે આરોપીની સ્વેચ્છિક કબૂલાત નહી માનવાને કોઈ કારણસર રહેતૂ નથી આરોપીને આ કાયદા હેઠળની સજાની સમાજ કરવામાં આવેલ છે.

૩ કેસની હકીકત આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબૂલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજ્ય વિરુધ્ધ નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ) આપેલ સમજૂતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હિત સચવાય તેમ છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પૂરતા કારણો જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૫ અન્વયે બી.એન.એસ એકટની કલમ ૨૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂ. ૧૦૦/– અંકે રૂ. એકસો પુરાનો દંડ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ફરમાવું છુ.

પોલીસ કબજે કરેલ મુદ્દામાલ વાહન પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૮/૦૩/૨૦૨૫**
**છોટાઉદેપુર**
**સ્પે.સીટીંગ નેશનલ લોકઅદાલત**

**( પટેલ મિતેશચંદ્ર વિનોદકુમાર )**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**છોટાઉદેપુર**
**(જી.જે. ૦૧૦૪૭)**